॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન

સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૮ વર્ષ-૧૭ | વાર્ષિક લવાજમ-દેશમાં-૨૪.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૨૧ એપ્રિલ - ૨૦૦૮

## પોતાના બાળકનો વિકાસ આવી રીતે કરો

મહાપુરુષોનું કહેવું છે કે બાળકનું નૈતિક શિક્ષણ તેના જન્મથી જ પહેલા આરંભ થઈ જાય છે. અર્થાત પોતાના બાળકને ચારિત્રવાન બનાવવાની અભિલાષા ધરાવનારા માતા-પિતાનું એ કર્ત્તવ્ય છે કે તેઓ બાળકના જન્મથી જ એ ગુણોને સ્વયં ધારણ કરવાનો પ્રયત્ન કરે, જે ગુણોને તેઓ પોતાના બાળકોમાં હોવા જરૂરી માને છે. છતાં પણ જે બાળકોના માતા-પિતાએ આ તરફ યોગ્ય ધ્યાન આપ્યું નથી, તેમની પ્રવૃત્તિઓનો પણ સારી પરિસ્થિતિની મદદથી ઘણો બધો સુધાર કરી શકાય છે. સારા સાથીદારના સહેવાસથી ખરાબ કુટેવનું દમન તથા સારી સુટેવને ઉત્તેજિત કરી શકાય છે.

(૧) વંશ પરંપરા તથા સહેવાસ દ્વારા કુટેવોનો પારિવારિક સુધાર થોડા અંશે આચારિક શિક્ષણ દ્વારા થઈ શકે છે, પરંતુ આ પ્રકારનું શિક્ષણ આપવામાં નીચે દર્શાવેલ છ વાત તરફ ધ્યાન આપવું જરૂરી છે. (૧) બાળકને થોડી મર્યાદા અંદર થોડી-ઘણી સ્વતંત્રતા અવશ્ય આપવી જોઈએ. તેમની પ્રવૃત્તિઓનું વ્યર્થ દમન કરવા તથા દરેક સમયે તેમને કઠોર કેદમાં રાખવાથી ઘણાં નુકશાનની શંકા રહે છે.આ પ્રકારનું બાળક ડરપોક બની જાય છે અને તેનામાં આત્મવિશ્વાસ, સ્વાવલંબન, દૃઢ નિશ્ચય, ઉદ્યમ-શીલતા તથા મૌલિકતા વગેરે ગુણોનો વિકાસ થઈ શકતો નથી. અર્થાત્ બાળકને સ્વતંત્ર રીતે કામ કરવાની વધુમાં વધુ તક આપવી જોઈએ, જેનાથી તેમના વ્યક્તિ અને ચારિત્રનો યોગ્ય રીતે વિકાસ થઈ શકે.

(૨) બાળકમાં આત્મસંયમનો ભાવ ઉત્પન્ન કરવામાં આવે તથા તેની ખરાબ કુટેવનો રોકવામાં આવે. ખાસ કરીને એ બાળકો માટે ખુબ જરૂરી છે, જેમની કૌટુંબિક પ્રથા તથા બાલ્યાવસ્થાનો સહેવાસ સારો હોતો નથી. આ પ્રકારના બાળકોને એ જ સમયે દૃઢતાપૂર્વક રોકવાની જરૂરીયાત હોય છે, કે જ્યારે તે સીમા-મર્યાદાનું ઉલ્લંઘન કરવા ઉદ્યત બને છે. અગર આવી સ્થિતિમાં અન્ય સાધનથી સફળતા પ્રાપ્ત ન થાય તો દંડનો પણ ઉપયોગ કરી શકાય, કે જેનાથી બાળકની કુટેવનું દમન કરી તેનામાં સંયમનો ભાવ ઉત્પન્ન થઈ શકે.

**વાંગ્મય નંબર-૬૩ 'હમારી ભાવી પેઢી ઔર ઉસકા નવનિર્માણ'ના પાના નંબર-૨.૧૪૭ થી ૨.૧૪૮માંથી**

(૩) બાળકને એ ગુણ, નિયમ, આદર્શ તથા કર્ત્તવ્યથી પરિચિત કરાવી દેવું જોઈએ, કે જેના આધારે તેના ચારિત્રનું ઘડતર કરવાનું છે. જેનાથી તેને સારી રીતે જાણ થઈ જાય કે કઈ વાત તેના માટે હિતકારક છે, કઈ વાત અહિતકારક, કઈ વાત યોગ્ય છે અને કઈ અયોગ્ય તથા તેને કયા આદર્શ અનુસાર કામ કરવાનું છે? શિક્ષણપ્રદ નાટક, રોચક કથાઓ, ઉત્તમ-ઉત્તમ કવિતાઓ, આદર્શ પુરુષોના જીવન ચારિત્રથી બાળકના આચરણ સંબંધી જ્ઞાનની વૃદ્ધિ તથા પુષ્ટિ થાય. બાળકોને સુંદર-સુંદર કવિતાઓ, ગીત, પદ્ય તથા શ્લોક પણ કંઠસ્થ કરાવી દેવા જોઈએ, કારણ કે તેમના દ્વારા યોગ્ય નિર્ણય પર પહોંચવા અને ભિન્ન-ભિન્ન પરિસ્થિતિમાં યોગ્ય રીતે વ્યવહાર કરવામાં ઘણી મદદ મળે છે.

(૪) બાળકને નિષેધાત્મક કામની અપેક્ષાએ વિધેયાત્મક કામની યાદ અપાવવી વધુ શ્રેયકારક છે. અગર જો બાળકને કોઈ કામ કરવા નિષેધ લાદવામાં આવે છે, તો એ કામ કરવા માટે તે વધુ લાલચુ બની જાય છે. એ વાત ધ્યાન આપવા યોગ્ય છે કે કેવળ શાબ્દિક રીતે સારી આદતનો બોધ આપીને જ શિક્ષક તથા માતા-પિતાને સંતુષ્ટ ન થવું જોઈએ. તેના મનમાં એ આદત પ્રત્યે શ્રદ્ધા તથા તેને પોતાના જીવનમાં ચરિતાર્થ કરવાની પ્રબળ ઈચ્છા ઉત્પન્ન કરવી જોઈએ. આ પ્રકારની દૃઢ ઈચ્છા ઉત્પન્ન થઈ જવાથી ભિન્ન-ભિન્ન ગુણ, કર્ત્તવ્યો તથા સિદ્ધાંતોના સંબંધમાં બાળકના મનમાં સ્થાયી ભાવ (સેંટીમેન્ટ્સ) ઉત્પન્ન થઈ જાય છે. આ ભાવ ઉત્પન્ન થઈ જવાથી તે એ કામને પોતાના જીવનમાં ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કરે છે.

(૫) આવો ભાવ બાળકના મનમાં જરૂર ઉત્પન્ન કરવો જોઈએ, જેને તેના સમાજમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. તેની સાથે-સાથે કેટલાક એવા ગુણો પ્રત્યે પણ તેના મનમાં સ્થાયી ભાવ (સેન્ટીમેન્ટ્સ) ઉત્પન્ન કરી દેવો જરૂરી છે, કે જેનું હોવું માનવતાનું સૂચક છે અને સભ્ય સમાજમાં દરેક માટે જરૂરી છે, જેમ કે આત્મસન્માન, સભ્યતા, ઈમાનદારી, સત્ય, સ્વચ્છતા,

(વધુ પાના નંબર-૮ પર)

## હોળીનો ઉમંગ યુગસર્જનના ભાવમાં બદલાયો

શાંતિકુંજ-દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પટાંગણમાં દુષ્પ્રવૃત્તિઓનું દહન અને રંગના ઉમંગનું મહાપર્વ હોળીની પરંપરાગત ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી. બન્ને જગ્યાએ તમામ વરિષ્ઠ પરિજનોની હાજરીમાં હોળીનું મિલન સમારંભ યોજવામાં આવ્યો, જેમાં પરસ્પર પ્રેમ અને આત્મીયતાનું આદાન-પ્રદાન કરતા અબીલ-ગુલાલ સાથે રંગોત્સવ ઉજવવામાં આવ્યો. આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ હોળી પર હાસ્ય-પરિહાસ્યની ક્ષણોમાં પણ શેર શાયરી, મહાપુરુષોનો જીવન પ્રસંગ અને પરમ પૂજ્ય ગુરુદેવની પ્રેરણાદાયક વાણી રજુ કરતા જન-જનના મનનન ઉમંગને સેવા-સર્જનની પ્રેરણા આપી. તેઓએ પીડિત માનવતા પર પ્રેમની વર્ષા કરી, તો સ્વતંત્રતા માટે પોતાની આહુતિ કરનારાના મનમાં ઉઠતા હિલોળાને સાર્થક અને ઉપયોગી ઉમંગ બતાવ્યો. મંચ પર બિરાજમાન અન્ય મહાનુભાવોમાં આદરણીય વીરેશ્વર ઉપાધ્યાય, આદરણીય ગૌરીશંકર શર્મા, ડૉ.વૃજમોહન ગૌડ, શિવપ્રસાદ મિશ્ર, શ્રી શરદ પારધી, શ્રી વીરેન્દ્ર તિવારીએ મનોરંજન સાથે પોતાના સ્નેહનો સંચાર કર્યો.

ઝાંખીઓ, નશાખોરની નનામી અને નગારાએ શ્લોગન સાથે સજાવવામાં આવેલ આ રેલીનો શુભારંભ કુલપતિ ડૉ.એસ.પી. મિશ્રે મશાલ સળગાવી કર્યો. વિશ્વવિદ્યાલયના પટાંગણમાં આવેલા પ્રજ્ઞેશ્વર મહાદેવ મંદિરથી આરંભ થઈ આ રેલી આસપાસમાં આવેલ મુખ્ય વસાહતો વચ્ચે પસાર થઈ છ કિલોમીટરનો માર્ગ પસાર કરી શાંતિકુંજમાં બનાવવામાં આવેલ શ્રીરામપુરમ્માં પહોંચી, કુરિવાજના પ્રતીક રૂપ હોલિકાનું દહન કરવામાં આવ્યું.

પ્રાચીન આશ્રમના પાવન વાતાવરણની યાદ અપાવતા પ્રજ્ઞા કુટીર પર કુલાધિપતિ ડૉ.પ્રણવ પંડ્યાજીની હાજરીમાં ગુલાલના ઉડતા રંગ વચ્ચે સામૂહિક હોળીનું મિલન સંમેલનનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેઓએ કહ્યું કે હોળીનું પર્વ મનુષ્ય દ્વારા બનાવવામાં આવેલા દરેક ભેદભાવનો અંત આણી પરમાત્મા દ્વારા બનાવવામાં આવેલ સમાનતાનો સંદેશ આપે છે. વિદ્યાર્થીઓએ સામાજિક એકરૂપતાનો સાર્થક સંદેશ આપવા માટે ઝુંપડપટ્ટીના બાળકોની સાથે રંગનો તહેવાર ઉજવ્યો. વિશ્વ વિદ્યાલય પરિવારે આ વખતે સંપૂર્ણ રીતે કુદરતી રંગની સાથે હોળી



રમવાનો સંકલ્પ લીધો હતો.

આ પ્રસંગે શાંતિકુંજમાં આદરણીય શૈલદીદી તથા આદરણીય ડૉ.સાહેબની ગૌરવમય ઉપસ્થિતિમાં દીપયજ્ઞ તથા ઉમંગ છલકાતા ગીત-સંગીત સાથે હોલિકા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે હજારો લોકોએ પર્વની મહિમા સમજી અને જીવનના અવગુણોનો ત્યાગ અને સદ્ગુણો અપનાવવા સંકલ્પ લીધો.

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ હોલિકા દહનના દિવસે નશાનાબુદી, દહેજ, અંધશ્રદ્ધા, કન્યાભ્રુણ હત્યા વગેરે સામાજિક કુરિવાજો પર પ્રહાર કરવા માટે વ્યસન મુક્તિ અને કુરિવાજ નાબુદી રેલી કાઢી હતી. રોચક પાત્રો,

વિશ્વવિદ્યાલયના મીડિયા સર્જન વિભાગે સાંસ્કૃતિક વિભાગ સાથે મળી સાંજના સમયે હાસ્ય કવિ સંમેલનનું આયોજન ગોઠવ્યું હતું. કુલસચિવ ડૉ.આર.પી.કર્મયોગીના પ્રમુખ સ્થાને યોજાયેલા આ કવિ સંમેલનમાં વિશ્વવિદ્યાલયના આચાર્યો અને વિદ્યાર્થીઓએ જાતે રચેલ કોમ્પ્યૂટર ગ્રાફિક્સનો ઉપયોગ કરી રોચક કાર્ટુનો રજુ કર્યા, જેની સાથે પ્રેરણાદાયક સુવાક્યોનો સુંદર સંગમ હતો. તેમાં તમામ વિભાગ તથા વિશ્વવિદ્યાલય પરિવારના સભ્યોની વિભિન્ન વિશેષતાઓનું વર્ણન કરવામાં આવ્યું હતું.

**મનુષ્યની સુંદરતા એની ચામડીથી નહીં, બલ્કે ગુણોથી કરવામાં આવે છે-સ્વામી વિવેકાનંદ**